# ચીન સારો પાડોશી દેશ હોવાની જિનપિંગની વાત ઉપર ભરોસો રાખી શકાય તેમ નથી

ચીનના તિયાનજિન શહેરમાં શાંઘાઇ સહયોગ સંગઠન (SCO) સમિટ ચાલી રહી છે જેમાં મોદી અને જિનપિંગ વચ્ચે બેઠક થઇ છે. આ બેઠક સાત વર્ષ પછી થઇ રહી છે અને ઓપરેશન સિંદૂર વખતે ચીને પાકિસ્તાનને આડકતરી મદદ કર્યા બાદ થઇ રહી છે. એટલુ જ નહીં અત્યારે અમેરિકાએ ભારત પર જે ટેરિફ લગાડ્યો છે તેના સંકટ વચ્ચે થઇ રહી છે. આ બેઠક પછી ટેરિફનું ગ્રહણ દૂર થશે કે કેમ તેના પર સૌની નજર રહેશે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું છે કે, દુનિયા પરિવર્તન તરફ આગળ વધી રહી છે. ચીન અને ભારત દુનિયાની બે સૌથી પ્રાચીન સંસ્કૃતિઓ છે. અમે બંને વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશો છીએ અને ગ્લોબલ સાઉથનો ભાગ છીએ. મિત્ર બન્યા રહેવું, સારા પાડોશી હોવું અને ડ્રેગન અને હાથીનું સાથે આવવું ખૂબ જ જરૂરી છે. મોદીનો આ પ્રવાસ એવા સમયે થયો છે જ્યારે પૂર્વી લદ્દાખમાં એપ્રિલ 2020 પહેલાંની સ્થિતિ હજુ પુનઃસ્થાપિત થઈ નથી. અત્યાર સુધી ચીન માટે ભારતનો જે અનુભવ રહ્યો છે તે પીઠ પાછળ વાર કરવાનો છે. અમેરિકાના ટ્રમ્પ બોલીને વારંવાર ફરી જાય છે પરંતુ તે જે કરે છે તે સામી છાતીએ કરે છે અને ચીન જે કંઇ કરે છે તે પીઠ પાછળ કરે છે એટલે હાલના તબક્કે તો તેના પર ભરોસો રાખી શકાય તેમ નથી. પીએમ મોદીએ શી જિનપિંગ સાથે વાતચીત દરમિયાન કહ્યું,"ગયા વર્ષે કઝાનમાં અમારી ખૂબ જ અર્થપૂર્ણ ચર્ચા થઈ હતી. અમારા સંબંધોને એક સકારાત્મક દિશા મળી છે. સરહદ પર ડિસએન્ગેજમેન્ટ પછી શાંતિ અને સ્થિરતાનું વાતાવરણ છે. અમારા વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે સરહદ વ્યવસ્થાપન અંગે સહમતિ બની છે. ચીને 2020 પછી અનેક વખત અરુણાચલ પ્રદેશના વિસ્તારોને મંદારિનમાં નામકરણ કર્યાં છે. ચીન અરુણાચલને દક્ષિણ તિબેટ કહે છે.જોકે, ભારત 'વન ચાઇના પોલિસી'ને માન્યતા આપે છે, જેમાં તિબેટ અને તાઇવાન બંનેને ચીનનો ભાગ છે. મોદીનો ચીન જવાનો નિર્ણય ખૂબ અપેક્ષિત નહોતો માનવામાં આવ્યો. 2023માં ભારતે SCOની અધ્યક્ષતા કરી હતી અને સમિટ વર્ચ્યુઅલ રીતે યોજી હતી. આ નિર્ણયથી એવો સંકેત મળ્યો કે ભારત ચીનના પ્રભાવ ધરાવતાં ગઠબંધનો પ્રત્યે ખૂબ ઉત્સાહિત નથી. 2022માં ભારતે G20 સમિટનું આયોજન કર્યું હતું, જેમાં શી જિનપિંગ હાજર નહોતા. આથી મોદીના ચીન પ્રવાસને અમેરિકા સાથે ભારતના બગડતા સંબંધો સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે. મોદી અને શી જિનપિંગ છેલ્લે ગયા વર્ષે ઓક્ટોબરમાં રશિયાના કઝાનમાં BRICS સમિટ દરમિયાન મળ્યા હતા. BRICS અને SCO બંનેને અમેરિકી હિતોનાં વિરોધી ગઠબંધનો તરીકે જોવામાં આવે છે. તિયાનજિનમાં મોદીની મુલાકાતનો ઉદ્દેશ માત્ર ભારત-ચીન સંબંધો મજબૂત કરવો એ જ નહીં, પણ અમેરિકી ટેરિફ્સનો સામનો કરવો પણ છે.

# ગિરમીટિયાથી મહાત્મા બનવાની કથા- પહેલો ગિરમીટિયો

અક્ષરની આરાધના

સંપાદનઃ નરેશ શુક્લ

સા ડીસાતસો જેટલા પાનાઓમાં ફેલાયેલ આ નવલકથા આપણે જે મહાત્મા ગાંધી કે રાષ્ટ્રપિતા ગાંધીજીને ઓળખીએ છીએ તેમને આલેખતી નથી. અહીં નવલકથાઓમાં હોય છે એવા લોભમણાં વર્ણનો, ચિત્તને અચંબામાં નાંખી દે એવા કરતૂત કરતા ને આટાપાટા ખેલતા નાયક (હિરો-ની જે વ્યાપક છબી છે એ મુજબનો) ને પણ આલેખવામાં નથી આવ્યો અને તેમ છતાં આ નાયક અચંબામાં નાખનારો તો છે જ. હા, સત્યઘટનાઓ, દસ્તાવેજો પર સંપૂર્ણ આધારિત છે અને એ માટે આ કથાના લેખક ગિરિરાજ કિશોરે આઠ આઠ વર્ષ સુધી સંશોધન કર્યું છે. આફ્રિકાના સત્યાગ્રહ પહેલા અને એ દરમિયાન ગાંધીજીએ જે જે સ્થળોએ નિવાસ કર્યો, પ્રવાસ કર્યો કે સંઘર્ષ કર્યો એ એ સ્થળોએ આ લેખક ફર્યા, રહ્યાં છે, તત્કાલીન સ્થિતિ-પરિસ્થિતી વિશે જૂનામાં જૂના અને સંકળાયેલા માણસોને મળ્યા છે, ત્યાં ઉપલબ્ધ થયા એટલા પત્રો, દસ્તાવેજો, નોંધો, ગાંધીજીએ સ્થાપેલ 'ફિનિક્સ' આશ્રમ, એમના મિત્રનું 'ટોલ્સટોય ફાર્મ' અને ત્યાંના શહેરો, રેલ્વે પ્રવાસનો માર્ગ, - બધું જ જાત અનુભવ લઈને પોતાની જાતને ગાંધીજી સાથે જોડવા માટે મથ્યા પછી સર્જાયેલી આ નવલકથા છે. કથાના મોટાભાગના પાત્રો હકીકતે હતા અને જે કેટલાક પાત્રો અને પ્રસંગોમાં પોતાના તરફથી ઉમેરણ કર્યું છે તેના વિશે કહે છે- 'મિ. બેકરે પ્રિટોરિયામાં મોહનદાસને એક ભઠિયારણ બાઈને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રખાવ્યા હતા. ન તો મને એ સ્ત્રીનું નામ મળી શક્યું કે ન તો એના કુટુંબ વિશે કોઈ વધુ જાણકારી મળી શકી. મેં એનું નામ મેટિલ્ડા રાખ્યું છે. એના કુટુંબ વિશે પણ એક સંવેદનાપૂર્ણ વાર્તા જોડી કાઢી. આવી રીતે એકબે પ્રસંગો બીજા પણ હશે. ગિરમીટિયાઓને લઈ જતી કેટલીક સ્ટીમરો તૂટી ગઈ હતી. એ બનાવોને મેં નવલકથામાં વણી લીધા છે. સડરિધમ અને ફ્યુજિલિયર સ્ટીમરોના નામ અને બનાવોના ઉલ્લેખ તો મળે છે. ત્યાં પણ ક્યાંક ક્યાંક મેં પોતાના તરફથી કેટલુંક ઉમેરણ કર્યું છે. મને એવું લાગ્યું કે હું ત્યાં હાજર હતો....માર્શલ લેડ્યૂ એક ફ્રેંચ વેપારી હતો. એણે ગાંધીની એક નકારાત્મક જીવનકથા લખી હતી. એનું ફ્રેંચ નામ હતું- ગાંધી ટેલ ક્યૂ જે લાય કોન-38નો અનુવાદ રુમી મિન્ટીએ કર્યો છે.... લેડ્યૂ પોતાને મોહનદાસના સમકાલીન કહેતા હતા. મેં મારી નવલકથામાં એને એક પાત્ર તરીકે લીધા છે. મને એવું લાગે છે કે એના હોવાથી ગાંધીના ચારિત્રને ઉઠાવ આપવામાં વધુ મદદ મળી છે.' આમ આ નવલકથા છે પણ કલ્પનાઓ પર આધારિત નથી. સાથે લેખક સભાન પણ છે જ કે- '..ગાંધી હોવાની મુશ્કેલીઓ પણ છે અને સિદ્ધિઓ પણ છે. જોકે ભારતીયો ગાંધીને વધુ ને વધુ જાણવાનો દંભ કરે છે, જાણે છે ઓછામાં ઓછું. કોઈનું પોતાના દેશ કે ઘરના હોવું, જાણવા માટે પૂરતું નથી. જેટલું જેટલું જાણવાનો પ્રયત્ન કરો એટલું જ જાણવાનું બાકી રહી જાય છે. આ બધા પ્રશ્નોના જવાબો આપવાનું લેખકનું કામ નથી. વિવેચકો આપે તો આપે,..હા, હું એક વાત ચોક્કસ કહી શકું કે પ્રામાણિકતા અને વાચનક્ષમતા જાળવી રાખવા માટે મેં પૂરતો પ્રયત્ન કર્યો છે. લેખકીય સ્વતંત્રતાનો પણ બની શકે ત્યાં સુધી પ્રામાણિકતાની મર્યાદામાં રહીને જ ઉપયોગ કરવાનો પ્રયત્ન કર્યો છે.


દક્ષિણ આફ્રિકા સાથે ગુજરાતના વેપારીઓનો નાતો તો સદીઓ જૂનો છે એ આપણે જાણીએ જ છીએ. આપણા વેપારીઓ અને એમના સહાયકો સદીઓથી મિડલ ઈસ્ટના દેશો અને આફ્રિકાના બંદરો સાથે વહાણવટાથી સંકળાયેલા હતા પણ નવજાગૃતિકાળ પછી જ્યારથી યુરોપની પ્રજામાં પ્રદેશો કબજે કરવા, નવા નવા ખંડો અને રાજ્યો સર કરવાની ભૂખ જન્મી ત્યારથી વસાહતોના નવા સમીકરણો રચાવા લાગ્યા. ખાસ કરીને 14મી 15મી સદીથી શરૂ થયેલ આવા વ્યાપારી અને રાજકીય સંસ્થાનો દ્વારા ક્રમશઃ બિનયુરોપીય જાતિ-પ્રજાતિઓ પર, દેશોની જમીનો, ખનિજો અને ખેતી પર આધિપત્ય જમાવવાના જે હથકંડાઓ શોધ્યા, એક અત્યંત સોફેસ્ટિકેટેડ અને આંજી નાંખનારી કાયદાકીય (યુરોપીય પ્રજાને અનુકૂળ એવા કાયદાઓ) પદ્ધતિઓ શોધાઈ અને એને અપનાવવાની નવી નવી રીતો અસ્તિત્વમાં આવી.

આ નવલકથાના પશ્ચાદ્ભૂમાં એ ગાળાનો કાળો ઈતિહાસ પડેલો છે, પરતંત્ર થતી જતી મૂળનિવાસી પ્રજાઓ, વિવિધ દેશોની અમૂલ્ય એવી કુદરતી સંપત્તિઓ, સંસ્કૃતિની વૈવિધ્યસભર સમૃદ્ધિઓને એકરંગે રંગવાની પ્રક્રિયા આ ગાળામાં શરુ થઈ હતી - એ હજી પણ રૂપભેદે ચાલી જ રહી છે. આ કથા જે લોકો પરતંત્ર છે, પરવશ છે, શ્યામવર્ણ છે, યુરોપીય પ્રજાને મન ઉતરતા છે અને પશુઓથી વિશેષ એમનું કોઈ વિશેષ મુલ્ય નથી એવી પ્રજા કઇ રીતે પડખું ફેરવે છે અને એમ કરવામાં એક વ્યક્તિએ અનુભવેલ સ્વમાનભંગનો ડંખ કઈ રીતે વ્યાપકરૂપ ધરે છે અને એ વ્યક્તિ મોહનદાસને સત્ય અને અહિંસાનું એક નવું જ શસ્ત્ર પ્રાપ્ત થાય છે - એનું નિરૂપણ કરે છે.

1850 પછીના દાયકાઓમાં, એ વખતના યુવાનોમાં ટ્રેન્ડ છે ખાસ કરીને ઈંગ્લેન્ડમાં ઉચ્ચ અભ્યાસ માટે જવાનો. અને કેમ ન હોય- જેનો સૂરજ ક્યારેય નથી આથમતો એવી સલ્તનતનો એ સોનેરી સમય હતો. ગાંધીજી પણ ઈંગ્લેન્ડ જઈને લૉનો અભ્યાસ કરે છે અને ભારતમાં આવ્યા પછી રાજકોટમાં એ વકિલ તરીકેની પ્રેકટિસ પણ શરુ કરે છે. મોટાભાઈ લક્ષ્મીદાસની વગ અને ઓળખાણોને કારણે નાના-મોટા કેસ મળે છે પણ મોહનદાસ વચેટિયાઓ કે દલાલોના કારણે કેસ લડવાનું મનથી સ્વીકારી શકતા નથી. વળી એમને ખ્યાલ પણ આવી જાય છે કે કોર્ટમાં ચાલતા કેસો અને જીત સાથે સત્ય સાથે બહુ લેવા દેવા નથી હોતી. એ કાયદાઓને તર્કથી તોડી મરડીને જીતવાની ચાલબાજીઓ છે. એટલે મન ઠરતું નથી. અંતે ભાઈની ઓળખાણને કારણે જ દક્ષિણ આફ્રિકામાં વસતા શેઠ દાદા અબ્દુલ્લાની પેઢીનો કેસ લડવા અથવા તો એમાં મદદ કરવા માટે એક વર્ષની પરમિટ પર નાતાલ ગયા.

અમેરિકા હજી પૂરું અમેરિકા નહોતું બન્યું ત્યારે ગોરાઓ મૂળ નિવાસીઓને ખદેડતા હતા, ત્યારે અમેરિકામાંથી સત્તરમી સદીની મધ્યમા પહેલા ભાગી છૂટેલા આદિવાસીઓ નાતાલમાં આવીને વસ્યા હતા. એટલે ત્યાં મૂળ આદિવાસીઓ ઉપરાન્ત આ બધા કાળાઓ આવીને વસ્યા. એમના કબિલાઓની ભાષા અલગ, દેવ અલગ અને જીવવાની રીતો પણ અલગ હતી. ઓગણીસમી સદીમાં મૂળ નિવાસીઓ પાંચેક લાખ ને ગોરાઓ આવ્યા લાખેક. પણ ગોરાઓ માલિક બની ગયા-ક્ષિતિજો સુધી વિસ્તરેલી જમીનો પર કબજો જમાવી દીધો અને વતનીઓને બનાવ્યા ગુલામ. પણ આ હબસીઓ કામગરા ઓછા. એક એક પુરુષને અનેક સ્ત્રી સાથે લગ્ન. સ્ત્રી મોટાભાગે કામ કરે અને પુરુષો દારુ પીએ, ચલમ ફૂંકે અને થોડું નાનું-મોટું મન થાય તો કામ કરે- એવી હાલત. આ પેલા ગોરાઓને પોષાય નહીં. નિવાસીઓની આવી આળસુ જીવનશૈલીના કારણે ગોરાઓના સપના પૂરા થાય તેમ નહોતા એટલે મોરસિયસની જેમ ભારતીય મજૂરો બોલાવીને કામ લેવાનો વિચાર આવ્યો. ને ભારત સરકાર સાથે મસલત કરીને મજૂરોને નાતાલમાં બોલાવવાનું શરું કર્યું. 16 નવેમ્બર 1860ના રોજ મદ્રાસથી મજૂર ભરેલી પહેલી સ્ટીમર ટૂરો આવેલી. કથા આરંભે નાનકડાં બે પ્રકરણમાં લેખકે ગાંધીજી ત્યાં ગયા એ પહેલા કઇ રીતે ગિરમીટિયાઓ આફ્રિકા જતા થયા અને કઇ રીતે એમનું શેષણ શરુ થયું એની અસરકારક ઘટનાઓ નિરૂપીને મજબૂત બાંધીણી કરી દીધી છે. ખાસ કરીને સડરિધમ અને ફ્યુજિલિયર નામની સ્ટીમર દક્ષિણ આફ્રિકાને કાંઠે જે રીતે તોફાનમાં સપડાઈને તૂટે છે અને બીચારા કમનસીબ મજૂરો મોતને હવાલે થાય છે એનું કરુણ આલેખન રૂંવાડા ઊભા કરી દેનારું છે. બીજી સ્ટીમરની ઘટના તો ડરબનથી થોડે દૂર રેટલની ખાડીમાં બની હતી. ત્યાં રહેતા ડચસાહેબની નિષ્ઠુરતાનું વર્ણન અદ્ભુત રીતે ત્યાંના ગોરાઓની માનસિકતાને છતિ કરે છે. કેટલાય મજૂર સ્ત્રી-પુરુષો અને બાળકોના શબને જે રીતે પોતાની વાડીમાં દટાવી દે છે ને એમાંય પત્ની સાથેના સંવાદમાં એમનું માનસ આપણી સામે ઉઘડી આવે છે.

મૂળ નિવાસીઓ એમની આળસુ અને અલગઢાળી જિંદગીને કારણે ગોરાઓના કામના નહોતા. બીજો વર્ગ હતો ભારતીય વેપારીઓનો, એમાં મુસ્લીમો વધારે હતા- હતા ભારતીયો પણ ગોરાઓ એમને આરબો તરીકે ઓળખતા ને અલગ રીતે એમની સાથે વર્તતા. થોડા હિન્દુ ગુજરાતીઓ, થોડા પારસીઓ. એમને વેપાર સાથે જ લેવાદેવા હતી. એમનો દરજ્જો ગિરમીટિયાથી થોડો ઉંચો પણ ગણનામાં તો એ પણ નહીં. એમને પણ રસ્તે ચાલવાનાય પરવાના લેવા પડતા. સાંજ પછી એ ખુલ્લામાં નીકળી નહોતા શકતા. થોડા એવા પણ હતા જેમની ગિરમીટ પૂરી થયા પછી ત્યાં જ વસી ગયા હતા ને થોડી જમીન ખરીદીને એમનું નભાવ્યે જતા હતા. છેલ્લો વર્ગ હતો મજૂરોનો- જેને ત્યાં ગોરાઓ એક જ નામથી ઓળખે- કુલી. એમનું સ્થાન હતું ગંદી વસ્તીઓ, રાવટીઓ, અને ગોરાઓના ખેતરોના ખૂણે- ગટરમાં વસતા ભૂંડ અને પ્રાણીઓથી વિશેષ જરા પણ નહીં. માત્ર મજૂરી કરવાની. ગંદકી અને બીમારી સ્વાભાવિક જ વિસ્તરતી અને ગોરાઓ માટે એ નિવારી ન શકાય અને સ્વીકારી ન શકાય એવી ન્યુસન્સ વેલ્યુ તરીકેનું જીવન જીવતા. મોહનદાસ ગયા હતા એક વર્ષની પરમિટથી. દાદા અબદુલ્લાના એક કેસમાં મુખ્ય વકીલ તરીકે નહીં પણ અંગ્રેજ વકીલ(મિ.બેકર)ના સહાયક તરીકે. કેમકે, દસ્તાવેજો ફારસી, ગુજરાતી હિન્દીમાં હતા એના તરજૂમા કરવા કેસમાં ઉપયોગી થવાનો એમનો રોલ હતો. ડરબનમાં મોહનદાસ પ્રવેશે છે ત્યારે માત્ર રંગે જ ભારતીય હતા. બાકી તદન અંગ્રેજ. સુટ-બુટમાં સજ્જ. સવાઈ અંગ્રેજ જેવું અંગ્રેજી. એટિકેટ પણ એવી જ. એટલે દાદા અબ્દુલ્લાને પણ પોતે ધોળો હાથી ગુજરાતથી મંગાવ્યો હોય એવો ભાવ જન્મેલો. પણ બીજા કે ત્રીજા જ દિવસે જ્યારે દાદા અબ્દુલ્લા ત્યાંની કોર્ટમાં ખાલી દર્શક તરીકે જોવા લઈ જાય છે ત્યારે જે ઘટના બની તે ચોંકાવનારી હતી. તદ્દન અંગ્રેજી શૈલીએ જીવતા મોહનદાસે દાદા અબ્દુલ્લાને અનુસરીને ડ્રેસ તો અંગ્રેજી પહેર્યો પણ માથે ગુજરાતી પાઘડી ધારણ કરી. ચાલુ કોર્ટમાં પ્રવેશ કર્યો ને જેવી જજની નજર આ આગંતુક અને અજાણ્યા મોહન ઉપર પડી એટલે ટકોર કરી- કોર્ટમાં આ પાઘડી કાઢીને આવો- અને મોહનદાસ માટે પહેલો આંચકો. એમણે કોર્ટ છોડી દેવાનું પસંદ કર્યું પણ પાઘડી ન ઉતારી. એટલેથી ન અટકતા મોહનદાસે પહેલો પત્ર લખ્યો ને બીજે દિવસે છાપામાં આપી આવ્યા. કદાચ આ ઘટનાએ ગાંધીજીને અંદરથી બદલવા તરફ પ્રેરી દીધા- એ પત્રમાં લખ્યું હતું- 'હું ગુજરાતમાં રહું છું. મેં માથે પાઘડી પહેરી હતી. અમારે ત્યાં અમે કોઈ પવિત્ર જગ્યાએ જઈએ છીએ ત્યારે માથા પરથી પાઘડી ઉતારતા નથી. એમ કરવું તેમાં બંનેનું અપમાન માનવામાં આવે છે. એ રાષ્ટ્રીય સન્માન અને સ્વમાનનું પ્રતીક છે. પણ અહીં કોર્ટમાં દાખલ થતાં જ માનનીય મેજિસ્ટ્રેટશ્રીએ મને મારી પાઘડી ઉતારવાનો આદેશ આપ્યો. જોકે મારી કંપનીના માલિક




અને નાતાલના સુપ્રસિદ્ધ વેપારી દાદા અબદુલ્લાએ પણ પાઘડી પહેરી જ હતી. દાદા અબદુલ્લા ભારતીય છે. પણ અહીં આરબ કહેવાય છે. આરબો પાઘડી પહેરે તો એ એની ઓળખ કહેવાય છે અને અમે પહેરીએ તો એ કોર્ટનું અપમાન કહેવાય છે. આ કેવો ભેદભાવ...'(પૃ.53)

નવલકથામાં અનેક નાના-મોટી સ્વમાન હણનારી કે ભેદભાવ સૂચવનારી ઘટનાઓ આલેખાઈ છે. પણ પ્રારંભમાં બનેલી આ ઘટના મોહનના ચિત્તમાં જે અંગ્રેજો માટે એક સુસંસ્કૃત પ્રજા તરીકેનો અહોભાવ હતો એના કાંગરા ખેરવનારી બની રહે છે. કેસ લડવા માટે પ્રિટોરિયા જતા પીટરમારિત્સબર્ગ સ્ટેશને ટ્રેનમાં બનેલી ઘટના તો બહુ જાણીતી છે. મોહનદાસને ફર્સ્ટક્લાસના ડબ્બામાંથી જે રીતે સામાન સાથે ફેંકી દેવામાં આવે છે. એ રાતે ભયંકર ઠંડીમાં જે રીતે બચે છે ત્યારે ચિત્તમાં જે વમળો ઊઠે છે એ ભવિષ્યના સત્યાગ્રહી બનવાનું પ્રથમ ચરણ છે.

**આ આખીએ નવલકથાને પ્રમુખ એવા ત્રણ ભાગમાં વહેંચીને જોઈ શકાય.**

» મોહનદાસ દ.આફ્રિકામાં જાય તે પહેલાની ત્યાંની સ્થિતિ અને પરમિટ પર ગયેલ મોહનનો દાદ અબદુલ્લા સાથેનો સીધો સાથ હતો ત્યાં સુધીની સ્થિતિમાં સર્જાયેલ ઘટનાઓએ મોહનને ત્યાં વધુ સમય વસવા મજબૂર કર્યા ત્યાં સુધીનો ભાગ.

» ભારતી વેપારીઓના આગ્રહથી આફ્રિકામાં વધુ સમય રહેવાનો સ્વીકાર અને પછી વકીલાતની શરૂઆત, સાથોસાથ ભારતીયોને એક કરવા માટે નાતાલ કોન્ગ્રેસની સ્થાપના કરે છે. વ્યવસ્થિત રીતે , પદ્ધતિસરની ઓફિસ, લખાણો, ભંડોળ ઊભું કરવાની પદ્ધતિ, એમાં પારદર્શિતા - આદિ મોરચે મોહનદાસ સક્રિય થાય અને દક્ષિણ આફ્રિકાના આ બે-ચાર પરગણાઓમાં એમની વકિલ તરીકેની અને એક ચળવળખોર કુલીભાઈ-ગાંધીભાઈની ખ્યાતિ ક્રમશઃ વધવા લાગે છે. એનો એક જ નમુનો જે રીતે પહેલીવાર નાતાલ સંસદને અરજી કરે, હજ્જારો સહી એક જ રાતમાં એકઠી કરે અને બે દિવસ માટે સંસદને વિચારણા માટે અટકાવી દે છે- એ પ્રસંગમાં જોવા મળે છે. સંઘ શક્તિનો, જાગી ઊઠેલી ભારતીય ચેતનાનો તણખો પહેલીવાર આ પ્રસંગે જોવા મળ્યો. જોકે, કાયદો તો પસાર કરી જ દીધો. પણ ઘસરકો પાડ્યામાં મોહનદાસ જીત જુએ છે. અહીં આપણને મોહનદાસની ધીરજ, ધ્યેયલક્ષી અડગતા, ચીવટ અને જનનેતા બનવાનું હિર જોવા મળે છે. આ લડતનો દૌર આગળ વધે છે, ઈંગ્લેન્ડ, પછી ભારતમાં આવીને, વળી પાછા આફ્રિકામાં પરિવાર સાથે લઈ જઈને જે રીતે ક્રમશઃ લડતને વિસ્તારતા જાય છે- અને એ પણ દુનીયાએ પહેલા ક્યારેય નહોતા જોયા એ રસ્તાએ લડતનો આરંભ કરે છે એ અચંબામાં નાંખનારું છે.

» ભારતીયો વચ્ચે રહેલું અંતર ઘટાડવું. હિન્દુ-મુસ્લીમ, વેપારી- કુલી, ખ્રિસ્તીમાં કન્વર્ટ થયેલા અને ભારતીયોના હમદર્દ બનેલા કેટલાક ગોરાઓ, ભારતમાં આઝાદીની ચળવળ ચલાવતા નેતા અને પ્રજાનેઓને આ સંસ્થાનના પ્રશ્નો પ્રત્યે જાગૃત કરવા, અને તેમ છતાં સીધા સંઘર્ષમાં ઉતરવાને બદલે દુશ્મન એવી ગોરી સરકારને ધીરજપૂર્વક સમજાવવાનો માર્ગ.

» શોષિતો,બીમારો, બેરોજગારો, સ્વૈચ્છિક રીતે લડતમાં જોડાનારને પ્રવૃત્ત કરવા, વર્તમાનપત્રનું પ્રકાશન કરવું, બીમારીઓમાંથી છૂટવા માટેના કુદરતી અને ઓછા ખર્ચાળ રસ્તાઓ શોધવા, આત્મશોધન કરવું, સદાચાર અને ભારતીય મુલ્યોનું આરોપણ કરવું, અંગ્રેજી કરતાં જુદું શિક્ષણ આપવું. અને એ માટે ફિનિક્સ આશ્રમની સ્થાપના, ટોલ્સટોય ફાર્મની રચના- ખાણીયા, ખેતરોમાં વસતા કુલીઓને એકત્ર કરવા અને ઓછામાં ઓછી સભ્ય ફી રાખીને નાતાલ ઈન્ડિયન કોન્ગ્રેસમાં જોડવા- જેવી સમાન્તરે ચાલતી પ્રવૃત્તિઓ.

» વર્તમાનપત્ર ઈન્ડિયન ઑપિનિયન-નું નિયમિત પ્રકાશન. અને અન્ય અંગ્રેજી વર્તમાનપત્રોમાં ભારતીય પ્રશ્નો, કાયદાકીય પ્રશ્નો ચર્ચતા રહીને ગોરા અને ભારતીય પ્રજાને સતત જાગૃત રાખવાના પ્રયત્નો. સમાન્તરે ભારતીય કુલીઓને જ્યાં જ્યાં અન્યાય થાય, જ્યાં જ્યાં એમના પર પસ્તાળ પડે ત્યાં ત્યાં મોહનદાસ વકિલની હેસિયતથી પડખે ઊભ રહેતા. એમ કાયદાકીય જાગૃતિ માટે પણ મથતા રહ્યા.

» અંગતકુટુંબ- પત્નીકસ્તુર, બાળકો(હરિદાસ, રામદાસ મણિલાલ-ભાણેજનેઉછેરવા, સાચવવા, એમ નેઆઆખીયેતદ્દનવાહિયાતલાગતીપ્રવૃત્તિઓનામહાત્મ યને સમજાવવું, ગળે ઉતારવું અને પાછા એમાં સામેલ પણ કરવા. બ્રહ્મચર્યના પ્રયોગો શરુ કરવા, સહજીવનના પ્રયોગો શરુ કરવા, દરિદ્રનારાયણની સેવાને લડતના ભોગેય પ્રાધાન્ય આપવું- આ બધું એક માણસ એક જ જીવનમાં સમાન્તરે કરી શકે- એ બાબત જ કેટલી ચમત્કારિક છે. નવલકથા એક રીતે જોઈએ તો આ ત્રણ પ્રકારના બિન્દુઓની આસપાસ વિસ્તરણ પામી છે.

ગાંધીજીએ વેપારી, સામાન્ય ગિરમીટિયાઓ અને અતિ મજૂર કુલીઓ- એમ બધા જ ભારતીયોને સ્પર્શતા હોય એવા મુદ્દાઓ- ગિરમીટ પૂરી થયા પછી જો સંસ્થાનમાં રહેવા માંગતા હોય તો જે કર ભરવાનો કાળો કાયદો જનરલ સ્મટ્સ લાવ્યા તેનો વિરોધ. કુલિઓએ સાંજે રસ્તા પર ચાલવા માટે પણ અલગથી પરવાનો લેવો પડતો, હિંદુ વિધિથી લગ્ન થયા હોય તો તેનો સ્વીકાર નહીં, એનું રજિસ્ટ્રેશન ફરજિયાત, ગિરમીટ પર આવનાર અને અહીં વસવા માગતા કે વસેલા સૌએ બેય હાથના પંજાઓની છાપ આપવી ફરજિયાત કરી- એ બધા પાછળ ગોરાઓનો અંકુશ રહે તે બાબત મુખ્ય હતી અને એ ત્યાંના ભારતીયોને સતત દબાવવા, ભગાડવા કે સંતાપવા માટેના હતા- મોહનદાસે આ પ્રશ્નોનો ત્યાંના કાયદાઓ, ઈંગ્લેન્ડના કાયદાઓનો ઝીણવટભેર અભ્યાસ કરીને, વિગતે અને યોગ્ય જગ્યાઓએ- સંસ્થાનના જનરલથી શરૂ કરી,(ભારતમાં એમણે લખેલ લીલું ચોપાનિયું) ભારતીય વાઈસરૉય, ઈંગ્લેન્ડમાં જઈને ત્યાંના મહત્ત્વના સેનેટરથી માંડી મહારાણીને અરજીઓ કરી કરીને એક આખું વાતાવરણ સર્જ્યું. એમાં એમને કેટલાય ઉમદા ગોરા મિત્રો પણ મળ્યા.

આ નવલકથામાં મોહનદાસના આંતરમનને સરસ રીતે ઉઘાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વ્યક્તિગત રીતે જીવનની શોધ, સત્યની આરાધના અને એમાં આવતા અવરોધો, પોતાના કુટુંબ પ્રત્યેની એમની લાગણીઓ અને સમાજજીવનના સિદ્ધાંતો- વચ્ચેનો સંઘર્ષ, પોતાના સાથીઓ અને પોતે જેને પોતાના બાંધવો માન્યા છે- એમના ચારિત્ર્યશુદ્ધિની પણ એટલી જ સભાનતાનો આગ્રહ, સત્તાધિશો સાથે કામ પાડવાની એમની કુનેહ, સામેનાને પ્રેમના બળથી જીતવાની જીદ, ભાગ્યે જ બે કે ત્રણ ઘટનાઓમાં એ બે ડગલા પાછળ હટ્યા હશે- બાકી ચિત્તમાં જે સ્વરૂપની પરિસ્થિતિ કલ્પી હોય તે ને મૂર્ત કરવાના બળકટ પ્રયાસો- એમના આંતરમન અને બાહ્યા આચરણ વચ્ચેની ભિન્નતાને ક્રમશઃ ગાળતા જઈ પૂર્ણતા તરફનો વિકાસ અહીં સરસ રીતે આલેખાયો છે.

કસ્તૂરના પાત્રને લેખકે અત્યંત સભાન રીતે અને એક સર્વસામાન્ય સ્ત્રીરૂપે આલેખી છે. સતત મોહનદાસની નિકટતા અને કુટુંબ પ્રત્યેની જવાબદારીઓથી સભાન એવી કસ્તૂર સતત વિસ્થાપિત થયા કરે, મોહનદાસથી દૂર રહેવાના અનેક પ્રસંગો સર્જાયા જ કરે, સતત લોકોની વચ્ચે, ઘરમાં પણ અનેક લોકોની વચ્ચે જ રહેવાના કારણે ન મળતી અંગત સ્પેશ-નો ત્યાગ. બીમારીઓ, બાળકોના પ્રશ્નો, આર્થિક મૂંઝવણો, કામનો બોજ, અજાણ્યો મૂલક અને લોકો, મોહનદાસ ઘરેણા-ગાંઠા પણ ઉતરાવીને ટ્રસ્ટમાં આપી દે, મણિલાલ, હરિલાલને ય સજા કરવામાં જરા પણ વાર ન લગાડે, કોઈને પણ દેખાતી ભૂલો માટે મોહનલાલ જાતને જવાબદાર ગણી ઉપવાસો કરે- અનેક પ્રકારની અસ્થિરતા વચ્ચે જીવતી કસ્તૂરનું એક સહનશીલ અને સતત પડખે ઊભી રહેનારી, જેલમાં જનારી, પ્રેમ ઝંખતી નારી તરીકે ઉપસી આવે છે. જો કે, ક્યાંક ક્યાંક એની અણસમજ, ભોટપણું અને મોહનદાસ સાથેના ઝઘડાઓ આપણી પ્રસિદ્ધ છાપને હાનિ પહોંચાડતી પણ લાગે.દસ્તાવેજો- જેવા કે, પત્રો, વર્તમાનપત્રોના અહેવાલો, લેખકે જાતે તે સ્થળે જોઈને ત્યાંના ઉપલબ્ધ દસ્તાવેજો, ઈંગ્લેન્ડ, મોરેસિયસ, દ.આફ્રિકાના ચારેય સંસ્થાનોની મુલાકાત લઈને જે જે સામગ્રી પ્રાપ્ત થઈ એનો ભરપૂર ઉપયોગ કર્યો હોવાથી આ કથા અત્યંત દળદાર થઈ છે.

જો કે, કબુલ કરવું પડે કે એ પછી પણ રસક્ષમતા ટકાવી શક્યા છે. વચ્ચે વચ્ચે અવકાશ મળ્યો ત્યાં ત્યાં મોહનદાસના જુદા જુદા ઘર, આસપાસના પરિવેશના અને કુદરતી વૈભવવાળી જગ્યાઓના, તત્કાલની શહેરોના વર્ણનોમાં લેખકની વર્ણનકલા મોકળામને પ્રગટી છે. પણ લેખકનો સૌથી મોટો જો વિશેષ હોય તો એ છે- પાત્રોને સજીવ કરવાની કળા. એમણે હકીકતના કે કલ્પેલા પાત્રોને આપણી આંખ સામે જીવન્ત કર્યા છે. ભલે પછી એ મુખ્ય પ્રાવહના હોય કે ગૌણરૂપ. એવી જ રીતે જેલ, સંઘર્ષો, આંદોલનો, અને અહેવાલો તથા એની ભારતીય અને ગોરા સમાજ ઉપર થતી અસરોને અસરકારક રીતે ઉપસાવ્યા હોવાથી આ નવલકથા અત્યંત રસવાહી અને ચિત્તમાં જીવન્ત અનુભવ કરનારી બની છે.

**લેખકે આઠ આઠ વર્ષ સુધી સંશોધન કર્યું. આફ્રિકાના સત્યાગ્રહ પહેલા અને એ દરમિયાન ગાંધીજીએ જે જે સ્થળોએ નિવાસ - પ્રવાસ કર્યો એ સ્થળોએ આ લેખક ફર્યા છે. સંકળાયેલા માણસોને મળ્યા, ઉપલબ્ધ પત્રો, દસ્તાવેજો, નોંધો, ગાંધીજીએ સ્થાપેલ 'ફિનિક્સ' આશ્રમ બધું જ જાત અનુભવ જાતને ગાંધીજી સાથે જોડવા માટે મથ્યા પછી સર્જાયેલી આ નવલકથા છે**

**નવલકથામાં મોહનદાસના આંતરમનને સરસ રીતે ઉઘાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વ્યક્તિગત રીતે જીવનની શોધ, સત્યની આરાધના અને એમાં આવતા અવરોધો, કુટુંબ પ્રત્યેની એમની લાગણીઓ અને સમાજજીવનના સિદ્ધાંતો- વચ્ચેનો સંઘર્ષથી પૂર્ણતા તરફનો વિકાસ અહીં આલેખાયો છે**

**(પહેલો ગિરમીટિયો (નવલકથા) લે. ગિરિરાજ કિશોર, અનુ. મોહન દાંડીકર. પ્ર. નવજીવન ટ્રસ્ટ. નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-380014, કુલ પાનાં- 753,કિં. 350.00, કાચું પૂંઠું, કાઉન, સંક્ષેપ રૂપે પણ ઉપલબ્ધ છે)**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## બિટકોઈન ભ્રષ્ટાચારથી તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ

બિટકોઈન કૌભાંડથી પૂર્વ MLA, SP અને CBI સેવકો સહિત 14 નાગરિકોને આજીવન સજા સાંભળીને ગુજરાત મોડલનાં બણગા ફૂકતા સેવકો પણ કુતૂહલ પામી ગયા. આખા ભારતમાં વડાપ્રધાનની સફર 11 વર્ષ પૂર્ણ થતા ગુજરાતમાં ચારેકોર ઉજવણી થઈ રહી હતી. અમદાવાદમાં વિમાન અકસ્માત દુર્ઘટના બનતા સુશાસનની પીપૂડી બંધ થઈ, બેનર પણ હટાવી લેવામાં આવ્યા. તેવો જ બનાવ 2018માં ગુજરાતમાં બન્યો. બિટકોઈન ખંડણી જે કેસમાં 172 સાક્ષીમાંથી 92 એવા સ્પેશિયલ કોર્ટમાં ફરી ગયા અને સત્યની દિવાલ તરીકે આ બનાવ મીડિયામાં ઉભરી આવ્યો છે. તેનો ચિતાર ગુજરાતમિત્રના અંત પેજ પર આવ્યો છે. ગુજરાત મોડેલ 2014માં ખૂબ પ્રચાર કરવામાં આવ્યો એક પછી એક નાગરિકો સમક્ષ મોડેલનું રહસ્ય ખુલી રહ્યું છે. બિટકોઈન ખંડણીની વાત છાપામાં વાંચીને ઘડી તો આવું લાગે વ્યક્તિને જીવવા પૂરતું મળી જાય તો શાંતિની શોધ કરવી જોઈએ. પણ આજના અધિકારીઓ આખું ભારત પોતાના ખોબામાં સમાવી લેવાની સ્પર્ધામાં ઉતર્યા હોય તેવું લાગે છે. હે ગુજરાત અહીં અહિંસા અને આખું સામ્રાજ્ય નાગરિકો માટે આપીને જતા રહ્યા એવા ગાંધીની ભૂમિ પર આજે શું જોવા મળે છે. કુદરત જે કરે તે સારું કરે હાથે કર્યા હૈયે વાગ્યું અસંતોષ માનવીને ક્યાં લઈ જાય છે તે આ બનાવ પરથી નવા જોઈન થતા જે નોકરીમાં લાગતા કર્મચારીઓ માટે મોટો બોધ આપતો બનાવ છે.

**તાપી - ચૌધરી હરીશકુમાર એચ**

## ગ્રાહકોની જાણ વગર ઈથોનલ ભેળવવાની જરૂર શું કામ પડી?

ગુજરાત મિત્રમાં સમકિત શાહનાં 31-8-2025 ના રોજ છપાયેલા લેખ મુજબ ચૂપચાપ ગ્રાહકોની જાણ વગર પેટ્રોલમાં ઈથનોલ ભેળવીને હવે પેટ્રોલ વપરાશ કરતી ગાડીઓમાં આ મિશ્રિત પેટ્રોલ ઈથનોલથી જો કોઈ ફરિયાદ ન થાય તો ફરજીયાત ચલાવવું પડશે તેને કારણે થતા એન્જિનને નુકસાન પહોંચાડે છે. તેવું ઓટોમોબાઈલ ઉત્પાદકો જ કહે છે. જે સમય કરતા વાહનો વહેલા ખખડી જશે તેની ભરપાઈ કોણ કરશે? જ્યાં પેટ્રોલથી ગાડી ચાલે જ છે તો પછી ગ્રાહકોની જાણ વગર ઈથોનલ ભેળવવાની જરૂર શું કામ પડી? જાણવા મળ્યા મુજબ નિતિન ગડકરીના પુત્રો આ ઈથોનલના વેપારમાં છે અને ગડકારીના ઈશારે જ આ ઈથોનલ મિશ્રિત પેટ્રોલ વેચાણ ચાલુ થયું હોય તેવું લાગે છે. વાહનોમાં ઈથોનલ મિશ્રિત થતું અટકાવવા કોઈ એ જાહેરની હિતની અરજી પણ કરી છે. જે સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. આપણે ત્યાં નેતાઓના પુત્રોના પરાક્રમો અવરનવર પેપરોમાં આવતા રહે છે આપની કમનશીબી છે કે નેતાઓ પોતાના પુત્રોને મહત્વના ધંધામાં કે મહત્વના સ્થાન પર બેસાડી દે છે. જાહેર હિતની અરજીની 1 સપ્ટેમ્બરે સુનાવણી થવાની છે. આશા છે કે ચુકાદો પ્રજા હિતમાં હોઈ શકે.

**સુરત - વિજય તુઈવાલા**

## હેલ્મેટ સિવાય ટ્રાફિકની અન્ય બાબતોને પણ પ્રાથમિકતા આપવામાં આવે

સુરતની ટ્રાફિક સમસ્યા વિકરાળ થતી જાય છે. છેલ્લા કેટલાક મહિનાથી ઠેર ઠેર ટ્રાફિક સિગ્નલ લગાવી દેવામાં આવ્યા છે. પરંતુ તેનાથી ટ્રાફિક સમસ્યા હળવી થવાને બદલે ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા વધી ગઈ છે. ખરેખર તો આવું ન થવું જોઈએ. પરંતુ ટ્રાફિક સિગ્નલની સાથે સાથે લેવા જોઈતા અન્ય આનુસંગિક પગલાઓ જેવા કે જંકશન પરના ટ્રાફિક સર્કલ દૂર કરવા, બમ્પ દૂર કરવા, ચાર રસ્તા પર થતા લારી ગલ્લાઓના દબાણ દૂર કરવા વગેરેમાં પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ રસ હોય તેમ લાગતું નથી. હવે લોકોને પણ ખબર પડી ગઈ છે કે કયા ટ્રાફિક જંકશન પર સીસીટીવી કેમેરા છે અને કયા જંકશન પર નથી. જ્યાં નથી ત્યાં લોકો બિન્દાસ લાલ લાઈટ હોવા છતાં પણ સ્પીડમાં નીકળી જાય છે. પોલીસની પણ પ્રાથમિકતા ટ્રાફિક નિયમન કરવાની જગ્યાએ હેલ્મેટ અને સીટબેલ્ટના ગુનાઓમાં દંડ ઉઘરાવવામાં વધુ હોય તેવું લાગી રહ્યું છે. ટ્રાફિક પોલીસને દંડ ઉઘરાવવામાં જ રસ હોય તો ઓવર લોડેડ રીક્ષાઓ, દિવસ દરમિયાન શહેરમાં માતેલા સાંઢની જેમ દોડતી ટ્રકો, રોંગ સાઈડથી આવતા વાહનો, સિગ્નલ બ્રેક કરતા ટુ અને ફોર વ્હીલરો પર મુહિમ ચલાવવામાં આવે તો હેલ્મેટ કરતા વધુ દંડ મળી શકે અને અકસ્માતો થતા ઓછા થાય. હેલ્મેટ ન પહેરવાથી જે નુકસાન થશે તે ફક્ત વાહન ચાલકને જ થશે પરંતુ અહીં દર્શાવેલા અન્ય ટ્રાફિક ગુનાઓથી વાહન ચાલક ઉપરાંત અન્ય ને પણ જાનનું જોખમ રહેલું હોય છે. સુરતમાં ટ્રાફિક ડેપ્યુટી કમિશનરને સુરતીઓ તરફથી વિનંતી છે કે હેલ્મેટ અને સીટબેલ્ટને પ્રાથમિકતા આપ્યા વગર ટ્રાફિકની અન્ય બાબતોને પ્રાથમિકતા આપવામાં આવે તો શહેરીજનોને રાહત મળે.

**સુરત - ડૉ. હેમંત પટેલ**

## કચરા ગાડીઓના કારણે સુરતમાં થતી અકસ્માતોની ગંભીર સમસ્યા

સુરત મહાનગરપાલિકાના ઘણા વિસ્તારોમાં વારંવાર કચરા ગાડીઓના કારણે અકસ્માતોની ઘટનાઓ બની રહી છે. આ વાહનો નાગરિકોના જીવનને જોખમમાં નાખી રહ્યા છે. સ્થાનિક નાગરિકોએ સીધા જ ડ્રાઈવરો સાથે વાતચીત કરીને તપાસ કરી હતી. પુછપરછ દરમિયાન ડ્રાઈવરોનું કહેવું હતું કે આ બેટરી સંચાલિત ગાડીઓ હોવાથી ડ્રાઈવિંગ લાયસન્સની જરૂર નથી. પરંતુ વધુ કડક પુછપરછ કરતાં કેટલાકે સ્વીકાર્યું કે તેમની પાસે કોઈ લાયસન્સ નથી. સાથે જ જવાબદારી કોન્ટ્રાક્ટર (શેઠ) પર મૂકવામાં આવી હતી. આ ઉપરાંત, નાગરિકોની નોંધ મુજબ ઘણા ડ્રાઈવરો નશાની હાલતમાં વાહન ચલાવતા જોવા મળ્યા છે, જે અત્યંત ગંભીર ચિંતા અને નાગરિકોની સુરક્ષા માટે ખતરો છે. જવાબદાર નાગરિક તરીકે સુરત મહાનગરપાલિકાને અપીલ કરીએ છીએ કે દરેક ડ્રાઈવર પાસે માન્ય લાયસન્સ હોવું ફરજિયાત બનાવવું. નશાની હાલતમાં વાહન ચલાવનાર સામે કડક કાર્યવાહી કરવી. કોન્ટ્રાક્ટરોની જવાબદારી સ્પષ્ટ કરી નિયમિત ચેકિંગની વ્યવસ્થા કરવી. નાગરિકોની સુરક્ષા સર્વોપરી છે. સુરત શહેરમાં આવનારા દિવસોમાં આવી દુર્ઘટનાઓ ન બને, તે માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાં અતિ આવશ્યક છે.

**પર્વત ગામ, સુરત - આશિષ ટેલર**

## એક રાષ્ટ્ર - એક ચૂંટણી સમયની માંગ

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. તેમાંથી એક છે વારંવાર યોજાતી ચૂંટણીઓ. આ ચૂંટણીઓ દેશની આર્થિક વ્યવસ્થા, સામાજિક ગતિવિધિઓ અને શાસન પર નોંધપાત્ર અસર કરે છે. આ સંદર્ભમાં, 'એક રાષ્ટ્ર, એક ચૂંટણીનો વિચાર દેશના ભવિષ્ય માટે અત્યંત મહત્વનો બની રહે છે. સમગ્ર દેશમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી એક જ સમયે યોજવી. હાલમાં, દર વર્ષે દેશના કોઈને કોઈ રાજ્યમાં ચૂંટણીઓના કારણે સરકારોને વિકાસ કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી પડે છે. વારંવાર યોજાતી ચૂંટણીઓથી દેશના અર્થતંત્ર પર મોટો બોજ પડે છે. ચૂંટણીપંચના આંકડાઓ મુજબ, દરેક ચૂંટણીમાં કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. આ ખર્ચ સરકારી તિજોરી પર સીધો બોજ છે. ચૂંટણી દરમિયાન આચારસંહિતા લાગુ પડતી હોવાથી અનેક સરકારી યોજનાઓ અને પ્રોજેક્ટ્સ અટકી જાય છે, આનાથી વહીવટી કાર્યક્ષમતા વધશે અને વિકાસ કાર્યોને વેગ મળશે. આ વિચારના અમલમાં કેટલાક પડકારો પણ છે. બંધારણીય સુધારાઓ, રાજકીય પક્ષો વચ્ચે સહમતિનો અભાવ અને કેટલીક પ્રાદેશિક જરૂરિયાતોને ધ્યાનમાં લેવાની જરૂરિયાત મુખ્ય પડકારો છે. એક કાયમી ચૂંટણી પંચની રચના કરવી, ટેકનોલોજીનો ઉપયોગ કરવો અને જનજાગૃતિ ફેલાવવી જેવા ઉપાયો આ પડકારોને દૂર કરવામાં મદદ કરી શકે છે.'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' માત્ર એક રાજકીય વિચાર નથી, પરંતુ તે દેશના આર્થિક અને સામાજિક વિકાસ માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. આજના ઝડપી યુગમાં, ભારતને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે સ્થિર અને સતત શાસનની જરૂર છે.

**ઉમરગામ, વલસાડ- નિખિલકુમાર દરજી**